# રાધાકૃષ્ણનો હોળી ઉત્સવ

ધર્મરંગ

વ્યોમા સેલર



હોળીનો ઉત્સવ ભારતીય સંસ્કૃતિમાં આનંદ, પ્રેમ અને એકતાનું પ્રતીક છે. આ પવિત્ર અને રંગીલા તહેવારમાં શ્રીકૃષ્ણ અને રાધાની રમણીય લીલાઓ વિશેષ મહત્ત્વ ધરાવે છે. વ્રજભૂમિમાં ઉજવાતી હોળી તો ખાસ કરીને કૃષ્ણ-રાધાના દિવ્ય પ્રેમ અને રમૂજી સ્વભાવને યાદ કરાવે છે.

વૃંદાવન અને બરસાનામાં માન્યતા છે કે નટખટ કૃષ્ણ ગોપીઓ સાથે રંગ રમવા જતા. ક્યારેક તેઓ રાધાજી અને તેમની સખીઓ પર અચાનક રંગ ઉડાડતા તો ક્યારેક પિચકારીથી રંગીન પાણી છાંટતા. આ રમતમાં મમતા, મસ્તી અને આધ્યાત્મિક આનંદનો સંગમ જોવા મળે છે.

રાધા-કૃષ્ણની હોળી માત્ર રંગોનો ઉત્સવ નથી પરંતુ આત્મા અને પરમાત્માના મિલનનું પ્રતીક માનવામાં આવે છે.

કહેવામાં આવે છે કે બાળપણમાં કૃષ્ણે માતા યશોદાને પૂછ્યું હતું કે તેમનો રંગ શ્યામ કેમ અને રાધાનો ગૌર કેમ? ત્યારે માતાએ મસ્તીમાં કહ્યું કે તું રાધાના ચહેરા પર રંગ લગાવી દે. ત્યારથી હોળી રમવાની પરંપરા વધુ પ્રચલિત બની. આ કથા દ્વારા સંદેશ મળે છે કે પ્રેમમાં કોઈ ભેદભાવ નથી. રંગો બધાને એકસરખા બનાવી દે છે.

વ્રજમાં આજેય ‘લાઠમાર હોળી’ અને ‘ફૂલોકી હોળી’ જેવી પરંપરાઓ ભક્તોને આ દિવ્ય યુગલની યાદ અપાવે છે. ભક્તો ભજન-કીર્તન સાથે રાધા-કૃષ્ણના નામે રંગ રમે છે અને આનંદમાં ઝૂમી ઊઠે છે.

આ રીતે, રાધા અને કૃષ્ણની હોળી આપણને શીખવે છે કે જીવનમાં પ્રેમ, ખુશી અને સહઅસ્તિત્વ જ સૌથી મોટો રંગ છે. જ્યારે હૃદયમાં ભક્તિ અને પ્રેમનો રંગ ચઢે છે ત્યારે દરેક દિવસ હોળી સમાન બની જાય છે.

હોળીનો ઉત્સવ માત્ર રંગોનો પ્રસંગ નથી પરંતુ આંતરિક ચેતનાને જગાડતો એક આધ્યાત્મિક સંદેશ છે. વ્રજમાં રમાતી આ દિવ્ય હોળી ભક્તિના રંગથી ભીની છે, જ્યાં બહારના રંગો સાથે હૃદયના રંગો પણ પ્રગટ થાય છે.

કૃષ્ણનો શ્યામ રંગ અનંત બ્રહ્મનો સંકેત આપે છે–એવો બ્રહ્મ જે સર્વમાં વ્યાપ્ત છે. રાધાનો ગૌરવર્ણ શુદ્ધ પ્રેમ અને નિર્મળ ભક્તિનું પ્રતિબિંબ છે. જ્યારે કૃષ્ણ રાધા પર રંગ ઉડાડે છે ત્યારે તે એક સંદેશ આપે છે કે પરમાત્મા પોતાના ભક્તને પ્રેમના રંગમાં રંગી દે છે. આ રંગ કોઈ બહારથી દેખાતો નથી પરંતુ આત્માની અંદર ખીલે છે.

હોળીમાં જૂના દ્વેષ, અહંકાર અને ભેદભાવને દહન કરવામાં આવે છે–જેમ હોલિકાદહન અહંકારના નાશનું પ્રતીક છે. જ્યારે મનનો અહંકાર ડંખે છે ત્યારે પ્રેમ અને સમર્પણનો સાચો રંગ ચડે છે. રાધા-કૃષ્ણની હોળી આપણને શીખવે છે કે ભક્તિમાં હળવાશ, આનંદ અને રમૂજ પણ જરૂરી છે. આધ્યાત્મિકતા કઠોરતા નથી પરંતુ પ્રેમથી ભરેલો આનંદમય માર્ગ છે.

વ્રજભૂમિમાં ગવાતા ભજન અને કીર્તન ભક્તોને એકતા અને સમર્પણની અનુભૂતિ કરાવે છે. ત્યાં દરેક વ્યક્તિ પોતાનો અહં ભૂલીને ‘રાધેરાધે’ અને ‘શ્યામ’ના નામે રંગાય જાય છે. આ રીતે, રાધા-કૃષ્ણની હોળી આપણને અંતરમાં ઝાંખી કરવાની પ્રેરણા આપે છે કે આપણે પણ પોતાના હૃદયને પ્રેમ, ક્ષમા અને ભક્તિના રંગોથી સજાવી શકીએ. જ્યારે આત્મા પરમાત્માના પ્રેમમાં રંગાય છે, ત્યારે જીવન પોતે જ એક શાશ્વત હોળી બની જાય છે.

> કૃષ્ણનો શ્યામ રંગ અનંત બ્રહ્મનો સંકેત આપે છે–એવો બ્રહ્મ જે સર્વમાં વ્યાપ્ત છે. રાધાનો ગૌરવર્ણ શુદ્ધ પ્રેમ અને નિર્મળ ભક્તિનું પ્રતિબિંબ છે. જ્યારે કૃષ્ણ રાધા પર રંગ ઉડાડે છે ત્યારે તે એક સંદેશ આપે છે કે પરમાત્મા પોતાના ભક્તને પ્રેમના રંગમાં રંગી દે છે.

વૃંદાવનની હોળીનું મુખ્ય આકર્ષણ બાંકેબિહારી મંદિર છે. અહીં ફાલ્ગુન માસમાં ફૂલોની હોળી અને રંગોની હોળી વિશેષ ભક્તિભાવ સાથે ઉજવાય છે. ગુલાલ અને ફૂલોની વર્ષા વચ્ચે ભક્તો પોતાનો અહંકાર ભૂલીને ભગવાનના ચરણોમાં લીન થઈ જાય છે. આ ઉત્સવ આત્માને શુદ્ધ કરે છે અને મનમાં આનંદનો પ્રકાશ ભરે છે.

આધ્યાત્મિક રીતે હોળી અહંકારના દહન અને પ્રેમના વિજયનું પ્રતીક છે. જેમ હોળિકાદહન દ્વારા અહંકાર અને દુષ્ટતાનો નાશ થાય છે, તેમ ભક્ત પોતાના અંતરમાં રહેલા દ્વેષ, ઈર્ષા અને નકારાત્મક ભાવોને દહન કરે છે.

રંગો દ્વારા જીવનમાં આનંદ, સમરસતા અને એકતાનો સંદેશ આપવામાં આવે છે. વૃંદાવનની હોળી આપણને શીખવે છે કે સાચો રંગ તો ભક્તિનો છે, જે આત્માને પરમાત્મા સાથે જોડે છે. અહીં ઉજવાતી હોળી માત્ર ઉત્સવ નથી, પરંતુ એ એક આધ્યાત્મિક યાત્રા છે જ્યાં પ્રેમ, સમર્પણ અને આનંદનો અનંત અનુભવ થાય છે.

---

# જન્મજાત મિત્ર

બાઉલ કથા



લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ



હુગલિયાથી 20 કિલોમીટર દૂર, હૂગલી નદીમાં બનતા દ્વીપ ધોસરામાં, એક બાઉલ પ્રીતમદાસનો આશ્રમ છે. આ બાઉલ ખૂબ જ એકાંતિક રહેનાર છે. શિષ્ય પણ તેમણે માત્ર એક જ બનાવ્યો છે. જે તેમની સાથે જ રહે છે. પોતે 85 વર્ષના થઈ ગયા છે. અમે તેને ઉંમર પૂછી ત્યારે તેમણે જણાવ્યું કે બાઉલ એંસી વર્ષે તો પુખ્ત થાય. પછી 25 વર્ષ જીવન જીવી, મૃત્યુ પામે.

આ સાંભળી મેં તેમને કહ્યું કે કશું સમજાયું નહીં.

તે હસતા હસતા બોલ્યા, ‘દીક્ષા લીધા પછી, મનેર માનુષના હાથે ઘડાતા પચાસેક વર્ષે આ ખોળિયામાં બાઉલતત્વ જન્મે, ત્યારે પુનઃ જન્મેલ બાઉલ પછી તો 80 વર્ષે જ પુખ્ત થાય ને!’

અમે બધા હસવા લાગ્યા.

આ બાઉલની બીજી એક ખાસિયત છે. તેના આશ્રમમાં ઝાડ, પાન, કુટીર બધે જ ખૂબ જ કરોળિયા જોવા મળે! જ્યાં જુઓ ત્યાં કરોળિયા અને તેના જાળાં બાઝેલા જોવા મળે.

અમે બાઉલના શિષ્ય સુકામ દાસને કહ્યું, ‘તમે આ સાફ-સફાઈમાં પહોંચી વળતા ન હો તો અમને સાવરણો આપો. અમે આ બાવાંઝાળાં સાફ કરી દઈએ.’

તેણે જવાબ આપ્યો, ‘ફરીથી આવી વાત ન કરશો, ગુરુને આ વાત પસંદ નથી કે કોઈ કરોળિયાને હેરાન કરે!’

અમે કશું સમજ્યા વિના સ્તબ્ધ થઈ અને તેની સામે જોઈ રહ્યા.

સાંજે અમે બાઉલ પાસે બેઠા હતા, ત્યારે પૂછ્યું, ‘આપણા આશ્રમમાં આટલા બધા કરોળિયા છે, શા માટે સફાઈ કરી તેને દૂર કરતા નથી?’

બાઉલ બોલ્યા, ‘ના, આ કરોળિયા મારા જન્મસખા છે!’

અમે કહ્યું, ‘શું? આ કરોળિયા બાલસખા છે?’

તેમણે દ્રઢતાપૂર્વક દોહરાવ્યું કે ના, બાળપણમાં સાથે હોય તેને બાલસખા કહેવાય આ તો સાથે જન્મેલા છે, તેથી તેને જન્મસખા કહેવાય!

અમે પૂછ્યું, ‘એટલે?’

તેમણે કહ્યું, ‘મારા જન્મ પહેલાં ભૃણની સ્થિતિમાં, મને નાભિ દ્વારા જ ભોજન, શ્વાસ, સંચાર મળતા. તથા નાભિ દ્વારા જ મળમૂત્ર વિસર્જન અને ઉચ્છ્વાસ જતો. જ્યારે હું આ વિશ્વમાં આવ્યો ત્યારે નાભિથી પોષણ અને નિર્ગમન કરવાની કળાને મેં ગુમાવી દીધી. પરંતુ મારો આ જન્મસખા કરોળિયો તે જાળવીને બેઠો છે!’

આગળ બોલ્યા, ‘તે હજુ પણ નાભિથી ઉર્ણ કાઢીને ઝાળું રચે છે! તેના દ્વારા ભોજન નિર્વાહ પ્રાપ્ત કરે છે. તેને જોઉં છું ત્યારે મને મારી જન્મપૂર્વેની સિદ્ધિ નજર સમક્ષ તરવરે છે!’

પછી થોડું રોકાઈને બોલ્યા, ‘નાભિથી જાળ રચી, પોષણ પ્રાપ્ત કરવાની કળા મેં ગુમાવી દીધી છે, તેવું નથી! પરંતુ તે કળા મારા આઠે અંગોમાં પ્રસરી અને વિસ્તરી ગઈ છે! મારું મગજ, હૃદય, કંઠ, શ્વાસ, હાથ- પગ વગેરે બધા જ અવયવો સદાય ઉદરપોષણ માટેનું જાળું રચવામાં જ રચ્યાપચ્યા રહે છે! છતાં પણ કેવી વિચિત્રતા છે કે મેં આઠ-આઠ ઈન્દ્રિયોની મદદથી રચેલી મારી પોતાની જાળમાં હું પોતે જ ફસાઈ જાઉં છું!

> મેં આઠ-આઠ ઈન્દ્રિયોની મદદથી રચેલી મારી પોતાની જાળમાં હું પોતે જ ફસાઈ જાઉં છું! જ્યારે મારો જન્મજાત મિત્ર કરોળિયો, ક્યારેય પોતાની જાળમાં ફસાયેલો મેં જોયો નથી! અરે! તે બીજા મિત્ર કરોળિયાની જાળમાં પણ ફસાતો નથી!

જ્યારે મારો જન્મજાત મિત્ર કરોળિયો, ક્યારેય પોતાની જાળમાં ફસાયેલો મેં જોયો નથી!

અરે! તે બીજા મિત્ર કરોળિયાની જાળમાં પણ ફસાતો નથી!’ પછી અમારા સામું જોઈ અને બોલ્યો, ‘બોલો આવા સતત પ્રત્યક્ષ બોધ આપનારને સફાઈના બહાને આશ્રમવટો થોડો આપી શકાય?’

અમે ઝૂંપડીની થાંભલી પાસે, ઉપરથી નિર્ભયરૂપે ઊતરતા જન્મજાત મિત્ર એક કરોળિયાને જોઈ રહ્યા.